

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પાટીદાર પૈંતરામાં નર્મદાજળ સીંચી દીધું!*
*ચૂંટણીફંડ ચટકામાં રેવા જળ વેંચી દીધું!*
*ખેંચી લીધું જીવનધન, તરસ્યાં પ્રજાજનોનું -*
*રાજ્યો પ્રજા પ્રત્યેની ફરજનું નેત્ર મીંચી લીધું...*

### હાઈકુ

*અધમ નૃપ,*
*રસહીન થૈ ધરા -*
*ભૂખી નજર*

*પાણી ના સોદા!*
*આ ભગીરથ બોદા!*
*કૃપા અદૃશ્ય!*

### ચિંતન

*વર્યતિ ગતે કઃ કામવિકારઃ શુષ્કે નીરે કઃ કાસારઃ ।*
*નષ્ટે દ્રવ્યે કઃ પરિવારો જ્ઞાતે તત્ત્વે કઃ સંસારઃ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃતિ સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

યુવાની જતાં કામ-વિકાર કેવો ? પાણી સુકાતાં તળાવ કેવું ? દ્રવ્ય નાશ થતાં કુટુંબ કેવું ? તત્ત્વનું જ્ઞાન (આત્મજ્ઞાન) થતાં સંસાર કેવો?

વૃદ્ધાવસ્થા આવ્યા પછી કામ વિકાર મૃતપ્રાયઃ થઈ જાય છે. (મનમાં વાસના જતી નથી) - પાણી સૂકાઈ જાય પછી શુષ્ક તળાવ નકામું - થઈ જાય છે. સ્નેહ-સંબંધો દ્રવ્ય સાથે જોડાયા છે. જો કુટુંબ ગરીબ બને તો સગા-સ્નેહી પણ છોડી જાય છે. આત્મજ્ઞાન થતાં સંસાર તરફની બધી માયા અદૃશ્ય થઈ જાય છે.

### સુવિચાર

- વિસ્તરવું એનું નામ સંસ્કાર અને સંકેલાઈ જવું એનું નામ વિકાર - **માનસસૂત્ર**
- કોઈ વ્યક્તિમાં બળ હોય પણ શીલ ન હોય તો બળ વ્યર્થ છે - **જનકલ્યાણ**
- આપણા માથે ભૂતકાળનું દેવું છે,
  એ દેવું ભવિષ્યકાળને આપણું દેવાદાર કરીને જ આપણે વાળી શકીએ છીએ - **જહોન બુચાન**
- ગરીબમાં ગરીબની સેવા કરવી એ બ્રહ્મદર્શનની સાધના છે - **વિનોબા ભાવે**
- પાલિટિક્સ એટલે દ્વેષનું પદ્ધતિસરનું સંગઠન - **હેન્રી આદમ્સ**
- પુત્રે એવી રીતે જીવવું કે લોકો એનાં માતા-પિતાને પૂછે કે
  કયા પુણ્યે તમને આવો પુત્ર સાંપડ્યો? - **તિરવલ્લુવર**
- આજનું ઔષધ : ઈજા થઈ લોહી વહી જતું હોય તો સરકો લગાવવાથી લોહી બંધ થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

જર્મનીના એક બિશપ. એમનું નામ બિશપ રાઈટ. તેઓ ધર્મપ્રેમી પણ જૂનવાણી વિચાર ધરાવતા સજ્જન, વિદ્વાન અને બાઈબલના સારા અભ્યાસુ વક્તા હતા. એકવાર બિશપ રાઈટને બર્લિન યુનિવર્સિટીમાંથી આમંત્રણ મળ્યું. ત્યાં એમને આવનાર વર્ષો ઉપર ભાષણ આપવાનું હતું.

બિશપ રાઈટે વકતવ્યમાં જણાવ્યું, 'ઈસુના મૃત્યુ પછી દોઢ હજાર વર્ષોમાં જે જ્ઞાન ઉપલબ્ધ નહોતું થયું તે છેલ્લા દોઢસો વર્ષોમાં થયું અને દોઢસો વર્ષોમાં જેટલું જ્ઞાન મેળવ્યું તેમાં છેલ્લા પચાસ વર્ષો જ્ઞાનની ચરમસીમા આવી ગઈ અને હવે તો હું માનું છું કે માણસ આનાથી વધુ કંઈની મેળવી શકે, વિજ્ઞાને જે શોધખોળ કરવી જોઈએ તે કરી લીધી છે.'

વકતવ્યને અંતે થતી પ્રશ્નોત્તરીમાં એક યુવાને કહ્યું, 'કોઈ જ્ઞાન કયારેય સંપૂર્ણ નથી હોતું, એ તો નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જેમ સમય આગળ આગળ ચાલતો જાય છે તેમ નવી શોધો અને જ્ઞાનની વૃદ્ધિ પણ થાય છે જ.'

બિશપે કહ્યું, 'મારી સમજણ એમ કહે છે કે જ્ઞાન પરિપૂર્ણ થઈ ગયું છે અને તું કહે છે જ્ઞાનમાં વૃદ્ધિ થવાની હજી બાકી છે, બોલ કે, તારી દૃષ્ટિએ જ્ઞાનની કઈ કઈ સંભાવનાઓ હજી બાકી છે.'

યુવકે કહ્યું 'હજી માણસને આકાશમાં ઉડવાનું બાકી છે, હજી બીજા ગ્રહો શોધવાનું બાકી છે. હજી બીજા ગ્રહો ઉપર જવાનું બાકી છે.'

જોવાનું એ કે બિશપ રાઈટના જ બે પુત્રો, બિલ્વર અને ઓરવીલે પહેલું વિમાન બનાવ્યું અને ભલે પચાસ ફૂટ જ ઉડ્યું પણ તેમણે ભાવી ઉડ્ડયનો માટે નવી દિશા ખોળી આપી હતી. અને બીશપને ખુદને ખુબ નવાઈ લાગી હતી.

# બંને સરકારની સહિયારી નામોશી

**તંત્રીસ્થાનેથી...**

કાશ્મીરીનીતિમાં મોદી સરકાર સરિયામ ઘેરાતી જાય છે ત્યારે પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિએ આ મુદ્દે આપેલું બયાન ધ્યાનપાત્ર બની રહે છે. આસિફ અલી ઝરદારીએ એમનાં બેગમ અને પાકિસ્તાનનાં પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટો અને રાજીવ ગાંધી વચ્ચે થયેલ વાર્તાલાપનો હવાલો આપી જણાવ્યું છે કે બેઉ યુવાન નેતાઓ કાશ્મીર પ્રશ્નનો કાયમી ઉકેલ આણવા કૃતસંકલ્પ હતા. રાજીવ ગાંધી ત્યારે વિપક્ષના નેતા હતા અને ચૂંટણી પછી વડાપ્રધાન બને તેવી શકયતા હતી. કમનસીબે ચૂંટણી પ્રચાર દરમિયાન જ એમની હત્યા થઈ જતાં બેનજીરને આપેલું વચન અધૂરું રહી ગયું હતું. આ મુદ્દો ઉછાળી હાલ નિર્વાસન જેવી સ્થિતિમાં મૂકાઈ ગયેલા પાક પીપલ્સ પાર્ટીના નેતા સુરખીઓમાં છવાઈ જવા માગતા હોય તે બનવાજોગ છે. પરંતુ એમના નિવેદનથી એટલું તો સ્પષ્ટ થાય જ છે કે જયાં એક તરફ ઝિયા ઉલ હક જેવા લશ્કરી નેતા ભારત સાથે ચર્ચાના ટેબલ પર બેસવા તૈયાર નહોતા અને મુશર્રફ ફક્ત 'લશ્કરી' સમાધાનની જ ભાષા સમજતા હતા ત્યારે બેઉ પાડોશી રાષ્ટ્રોના સ્વપ્નશીલ યુવા નેતાઓ ચર્ચા દ્વારા કાશ્મીરના વર્ષો જૂના પ્રશ્નને ઉકેલ શોધવાની મંશા ધરાવતા હતા. મોદીએ પણ મિયાં નવાઝ શરીફ આગળ આવા સમાધાનના પ્રયાસોના સંકેતો આપ્યા, એમને રીઝવવા માટેના નાટકવેડા પણ કર્યા, કદાચ કાલાવાદા કર્યા પણ એમાં એમને ધરાર નિષ્ફળતા સાંપડી છે.

મહબૂબા મુફતીની સરકારમાં ભાજપ ભાગીદાર પાર્ટી છે એટલે જો ખૂંખાર આતંકવાદી હોસ્પિટલના દરવાજેથી છટકી શકતો હોય તો તે માત્ર પીડીપીની જ નિષ્ફળતા નથી, એનો અડધોઅડધ દોષ ભાજપને પણ આપવો જ રહ્યો. નાવેદ જેવા જીવતા પકડાયેલા આતંકીને સામાન્ય કેદીની માફક તો હોસ્પિટલમાં નહીં જ લઈ જવાયો હોય. વળી સ્ટેટ થતા કેન્દ્રની ગુપ્તચર એજન્સીઓને પણ એને છોડાવવા માગતા પાક આતંકીઓની હિલચાલની ગંધ આવી જ ગઈ હશે. જો આમ છતાં બે પોલીસોનાં ઢીમ ઢાળી આતંકીઓ છોડાઈ લઈ જવામાં પાક આતંકીઓને સફળતા સાંપડી હોય તો એનો એટલો જ અર્થ કે ભારતીય ગુપ્તચર તંત્ર અને કાશ્મીરનું પોલીસ તંત્ર પાકિસ્તાની હરકતો સામે તદ્દન લાચાર બની ગયું છે. આવી જ ઘટના કોંગ્રેસી શાસન દરમિયાન ઘટી હોય તો ભાજપ રસ્તાઓ પર આવી ગયું હોત. આ નામોશી છેલ્લે તો કહેવાતી છપ્પનની છાતીની જ નામોશી બની રહે છે. કાશ્મીરમાં અગાઉ કરતાં ઘણી મોટી સંખ્યામાં પાક આતંકીઓએ મોદીકાળ દરમિયાન ઘુસણખોરી કરી છે અને અગાઉની સરખામણીએ ઘણી મોટી સંખ્યામાં આપણા જવાનોનું લોહી રેડાયું છે. આગામી દિવસો કદાચ કાશ્મીર પ્રશ્ન વધુ ઉગ્રતા ધારણ કરશે અને વડાપ્રધાન પણ એને છંછેડવા માટે વિશિષ્ટ દરજ્જાની કલમો હટાવવાનું સાહસ કરી 'હીરો' બની જવાની કૂટનીતિ અપનાવી શકે છે. પરંતુ એથી સમસ્યા થોડી ઉકેલાઈ જવાની છે ? મરો તો બિચારા સૈનિકોનો જ થવાનો છે.

# કેન્સરની આયુર્વેદિક સારવાર કરવામાં આવે તો ચોક્કસ મટી શકે



## પહેલું સુખ તે જાતે નર્યા

ડો. કેદાર ઉપાધ્યાય

### કેન્સર

હમણાં થોડા દિવસો પહેલા જ વિશ્વ કેન્સર દિવસ ગયો. કેન્સર એક એવી બીમારી છે કે જે અનાગન્તુક છે. કોઈપણ વ્યક્તિને કોઈપણ સમયે થઈ શકે. કેન્સર શા કારણે થાય છે તે હજુ વિજ્ઞાનને ખ્યાલ નથી. આથી કેન્સર દરેક માટે અણધારી આફત બની રહે છે.

આપણે બધા કેન્સરના નામથી પરિચીત છીએ. જેવું કેન્સરનું નામ પડે કે તરત ટેન્શનનો માહોલ બની જાય. દર્દી, સગાવ્હાલા બધા ચિંતામાં પડી જાય. હોસ્પીટલોના ધક્કા, સર્જરી અને દવાઓ, અને છેલ્લે સાજા થઈ જવાની તો કોઈ ગેરેંટી જ નહિં. ડગલે ને પગલે અનિશ્ચિતતા અને અસલામતિ લાગે. આધુનિક ચિકિત્સાએ આટઆટલી પ્રગતિ કરી હોવા છતા કેન્સરનો હાઉ ખાળી શકાયો નથી.

આખરે કેન્સર છે શું? સરળ રીતે સમજીએ તો કેન્સર આપણા શરીરના કોષો મારફતે જ થાય છે. આપણા શરીરના કોષો શરીરના મૂળભૂત એકમો છે. આ કોષો ભેગા થાય એટલે પેશી બને. આ પેશીનો સમૂહ એટલે શરીરનું અંગ અને આ અંગો ભેગા થઈ ને શરીરનું તંત્ર (સિસ્ટમ) બને. આમ, કોષો એ શરીરનો આધાર છે.

આ કોષો પોતાના ક્રિયાકલાપો જાતે કરે છે. આ માટે કોષોમાં ડી.એન.એ. રહેલું છે જે બધા ક્રિયાકલાપોની દોરવણી કરે છે. કોષોની અનેક ક્રિયાઓમાંની એક ખૂબ અગત્યની ક્રિયા એટલે વિભાજન. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે આપણા કોષો વિભાજીત થઈને સંખ્યા વધારે છે. કોઈ વખતે કોષોના ડી.એન.એ માં એવો લોચો થાય છે કે જેને કારણે કોષોના વિભાજનની પ્રક્રિયા અટકતી જ નથી અને સતત ચાલતી રહે છે. આ સ્થિતિ એટલે કેન્સર.

કેન્સર કોને થઈ શકે?? તેનો જવાબ છે.. કોઈપણ વ્યક્તિને... એટલું ચોક્કસ છે કે કેન્સરકારક પદાર્થો જેવાકે તમાકું, પેસ્ટીસાઈડ્ઝ આદિને કારણે કેન્સર થવાની શક્યતા ખૂબ વધી જાય છે, પણ એવા પણ કેન્સરના કેઈસ છે કે જેમા વ્યક્તિને કોઈ પણ વ્યસન ન હોય અને વ્યક્તિ એકદમ સ્વસ્થ હોય તો પણ તેને અચાનક કેન્સર થઈ જાય, અને ઘણા વ્યસનીઓ વગર કેન્સરે જીવી જાય.

ટુંકમાં, કેન્સર થવાનું નક્કર કારણ હજું શોધી શકાયું નથી. હવે બીજો સવાલ... કેન્સર થાય તો શું કરવું? શરીરનાં જે ભાગમાં કેન્સર થયું હોય અને જે પ્રકારનું કેન્સર થયું હોય તેના આધારે કેન્સરના ત્રણ પ્રકારના ઈલાજોમાં થી ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. કેન્સરના ત્રણ પ્રકારના ઈલાજો એટલે... ૧) સર્જરી (ઓપરેશન): આમા સર્જરી કરીને કેન્સરયુક્ત ભાગને કાઢી નાખવામાં આવે છે ૨) કીમોથેરાપીઃ કીમોથેરાપીમાં શરીરમાં એવા ઔષધો દાખલ કરવામાં આવે છે કે જે શરીરમાં ઝડપથી વિભાજન પામતા અને વધતા દરેક કોષોને નબળા પાડી તેનો નાશ કરે છે. આ ઈલાજમાં કેન્સરના કોષોની સાથે સાથે શરીરના બીજા નોર્મલ કોષોને પણ અસર થાય છે. આથી ચામડીમાં ઈરીટેશન, વાળ ખરી જવા, ન્યુરોપેથી આદિ જેવી આડઅસરો જોવા મળે છે.

૩) રેડીએશનઃ રેડીએશન એટલે એક્સ-રે કે તે પ્રકારના કિરણોનો મારો ચલાવીને કેન્સર કોષોનો નાશ કરવાની પધ્ધતિ. આ પ્રક્રિયામાં દર્દીને જે જગ્યાએ કેન્સર થયું છે ત્યાં કિરણો આપવામાં આવે છે. રેડીએશનની વધુ આડઅસરો નથી.

આ તો થઈ કેન્સરના મુખ્ય ઈલાજોની વાત.જો કે આ મુખ્ય ઈલાજો પણ સચોટ નથી. એવા કેટલાય કેસ છે જેઓને કીમો થેરાપી કરાવ્યા બાદ અમુક સમયે ફરી કેન્સર ડેવલપ થાય છે. અત્યારે એક એવો પણ બહોળો વર્ગ છે જે કેન્સરની કીમો થેરાપી જેવા ઈલાજોમાં નથી માનતો. હવે વાત આયુર્વેદની. આયુર્વેદમાં પણ કેન્સરનું બહોળું વર્ણન છે, કેન્સરના ઈલાજ માટે પણ આયુર્વેદમાં અનેક દવાઓ અને ઔષધોનું સૂચન છે. જો કે મોટાભાગના કિસ્સઓમાં કેન્સર થયાનું જાણતા દર્દી પ્રથમ તો ઉપરોક્ત ત્રણ ચિકિત્સાઓ જ કરાવતા જોવા મળ્યા છે, અને પછીથી જો ઉપરોક્ત ચિકિત્સાઓથી રાહત ન થાય કે બીજી તકલીફો થાય તો આયુર્વેદ તરફ મીટ માંડે છે. આયુર્વેદમાં કેન્સરને મટાડી શકે તેવા અમુક અદ્ભૂત ઔષધો છે જેવાકે હિરક ભસ્મ, રોહિતક, વરૂણ આદિ. આ ઉપરાંત ગૌમૂત્ર અને ઘઉંના જવારા શ્રેષ્ઠ કેન્સરનાશક છે. આ બંને પાર અનેક રિસર્ચ પણ થયેલા છે. જો સમયસર અને ધીરજપૂર્વક કેન્સરની આયુર્વેદિક સારવાર કરવામાં આવે તો કેન્સર ચોક્કસ મટી શકે.

-contact@atharvaayu.com

# સદાબહાર સુરેશ દલાલના વિચારોનો વૈભવ



## મનના ઉમંગો

રણછોડ પરમાર

### બીજો મણકો

શ્રી સુરેશભાઈ દલાલને એક બહુ સારી ટેવ હતી. તેમને જે કાંઈ સારું વાચવા મળ્યું હોય તેનો બીજાઓને પણ લાભ મળે તેવો પ્રયત્ન ખરા દિલથી કરતા. આને લીધે તેમણે કેટલા બધા અને કેટલા સરસ સંપાદનો કર્યા છે. વિશ્વકવિતા આવું એક અદભૂત સંપાદન છે. તેમાં તેમણે આખી દુનિયાની શ્રેષ્ઠતમ કવિતાઓ એકઠી કરી છે. યાદગાર પ્રવચનો અને યાદગાર પ્રવાસો તો સુરેશ દલાલ જ આપણને આપી શકે. એ માણસ પુસ્તકો વિષે લખવા બેસે તો કેવું લખે એ જાણવાનું દરેકને મન થાય.'' વિચારોનો વૈભવ'' માં આવો એક સરસ નિબંધ છે તે સુરેશભાઈની વાદેવાદે હું તમને પીરસી રહ્યો છું.

જે માણસ વાંચી શકે તેમ હોય છતાં સરસ મઝાના પુસ્તકો વાંચતો નથી એ માણસને, જે માણસો વાંચી શકતા નથી એવો જ ગેરલાભ થાય છે.

-માર્ક ટ્વેઈન

મનુષ્ય તરીકે જન્મ લેવો એના જેવી કોઈ શુભ ઘટના નથી.

મનુષ્ય પાસે ભાષા છે. ભાષા પાસે સાહિત્ય છે.

સાહિત્ય પાસે જીવનનો અભિગમ છે, જીવનનું દર્શન છે.

મનુષ્ય જન્મ પામે, કેળવણી પામે , અને છતાંય પુસ્તકોની વચ્ચે પુસ્તકો વિનાનો રહે એના જેવી કરૂણ વાત બીજી કોઈ નથી. પરિસ્થિતિને કારણે જે માણસ અભણ હોય અને વાંચી ન શકતો હોય એ તો અભાગિયો છે, અજ્ઞાન છે. સંજોગોનો ગુલામ છે. એને વાંચવું નથી એમ નથી, પણ ગરીબાઈને કારણે કે અન્ય કોઈ કારણે કેળવણીના અભાવે એ લાચાર છે, દયાપાત્ર છે. પણ વિશેષ દયાપાત્ર તો કેળવણી પામેલો એ માણસ છે કે જે પુસ્તકો વાંચવાનું ટાળે છે.

**એ શાપિત આત્મા છે.**

કોઈકે કહ્યું'તુ એમ, નાઈટ લેમ્પ સળગતો હોય અને પુસ્તક બાજુમાં પડ્યું હોય અને છતાંય એ માણસ ઊંઘતો હોય એ દ્રશ્ય જોવા જેવું નથી હોતું.

પુસ્તકની વાત તો એક નિમિત્ત છે, બાકી મનુષ્યને કોઈને કોઈ સમજપૂર્વકનો શોખ તો હોવો જોઈએ, જેથી એના જીવનની બપોર કે જીવનની સાંજ સ્વમાનપૂર્વક, સમાધાનપૂર્વક, નર્યા સંતોષથી વીતે. મોટા ભાગના માણસોનું આયુષ્ય જાણે કે ચિરનિંદ્રામાં જ વહી જતું હોય છે.

આપણને ઈશ્વરે કાન આપ્યા છે તે ઘોંઘાટથી ભરવા માટે નહીં, સંગીત સાંભળવા માટે.

લતાનો કંઠ હોય, બિસ્મિલ્લાની શરણાઈ હોય, કે રવિશંકરની સિતાર હોય- આ બધાથી વંચિત કઈ રીતે રહી શકાય ?

વિચાર કરો કે આપણી પાસે રામાયણ, મહાભારત કે બાઈબલ હોય અને છતાંય કાળો અક્ષર ભેંસ બરાબર એમ આપણે જીવી જઈએ તો એને જીવવું કહેવાય ? અંગ્રેજી આવડતું હોય અને શેકસપિયરનું નામ કોઈ કડવી દવા જેવું લાગે તો જીવન કેવું કડવું કહેવાય ? પુસ્તકો હોવાં- પોતાના પુસ્તકો હોવાં એ મોટી વાત છે. ફોન પાસે હોય અને દસ હજાર માઈલ દૂર અમેરિકામાં પણ આપણા મિત્ર સાથે વાત કરી શકીએ છીએ એવી સગવડ માણીએ છીએ પણ ગોવર્ધનરામ, ઉમાશંકર કે મિલ્ટનને તો આપણે પડખે રાખી શકીએ એમ છીએ; છતાં એની અવજ્ઞા કરીએ તો એમ જ કહેવાય કે , આપણે શ્વાસ લઈએ છીએ અને છતાંય જીવતા નથી.

મિત્ર તો ક્યારેક દગો દેશે, પણ પુસ્તક તો ક્યારેય નહીં.ઉત્તમ પુસ્તક આપણી એકલતાને દૂર કરે છે અને આપણા એકાંતને સમૃદ્ધ કરે છે.

પુસ્તક જેવી કોઈ સોબત નથી. એના જેવું કોઈ સાન્નિધ્ય નથી.

એ ચૂપચાપ આપણી પાસે બેઠાં હોય તોય આપણી સાથે રહે છે.

આપણે કહીએ એટલી જ વાર : આપણી સાથે એ વાત કરવા તૈયાર અને તત્પર હોય છે.

સામાન્ય રીતે અંગત વાત કરવાનું ટાળું છું મારી પાસે મારી પોતાની લાઈબ્રેરી છે. અઢળક પુસ્તકો છે.

હું જેટલો પુસ્તકોથી રાજી થાઉં છું એટલો બીજા કશાયથી થતો નથી.

મારી પાસે કેટલાક માણસો આવે છે. એમાંથી કોઈક ના પૂછવાનું પૂછે છે.

કોઈક એમ પણ પૂછે છે કે શું તમે આ બધા જ પુસ્તકો વાંચ્યા છે ?

એમનો સવાલ સાંભળી દુખ પણ થાય છે અને હસવું પણ આવે છે.

એક ભાઈએ મને આવો સવાલ પૂછ્યો'તો.

મેં એમને સામે પૂછ્યું કે શું તમારે ઘેર ડિક્ષનરી તમે ખરીદી તે પછી તેમાં બધા શબ્દ તમે વાંચી ગયા ? જવાબમાં ''ના'' જ હોય એ સમજી શકાય તેવી વાત છે.

પુસ્તકો મારી આસપાસનું વાતાવરણ છે. જેમ માછલીને જીવવા માટે જળ જોઈએ એમ મને પુસ્તકો જોઈએ.પુસ્તકો માટે પારાવાર પ્રેમ હોવો જોઈએ. કોઈ માણસ પોતાને ગમતા વિષયની કેસેટો પણ એકઠી કરી શકે. પુસ્તકો વાંચવાનો પણ એક યોગ હોય છે.એને વાંચવા માટેનો એક માહોલ અને મિજાજ હોય છે. ડ્રિલમાં છોકરાઓને ઊભા રાખીએ એમ પુસ્તકો ગોઠવી દઈએ એનાથી પતતું નથી. વ્યવસ્થા એક અલગ વાત છે. પણ પથારીમાં આસપાસ તકિયા પડ્યા હોય એમ, પુસ્તકો આપણી આસપાસ હોવાં જોઈએ. કહેવાય છે કે મહાન માણસોના વિચારોનું સદીઓનું શાણપણ પુસ્તકોમાં સંચિત થયેલું હોય છે. આપણે અંચઈપૂર્વક જીવીએ છીએ.આપણે જો અંતર્દષ્ટિથી પુસ્તકો વાંચીએ તો સચ્ચાઈપૂર્વક જીવવાનો અભિગમ આપે છે.

(ક્રમશઃ)

# જીવનું શિવમાં રૂપાંતર થવું એ જ માનવજીવનની ખરી ઈતિશ્રી...



## લાગણીનો મેળો

રસિક વાળંદ

અહો કૃપાલ નેત્ર ભાલ, નિર્ગુણમ્ નિરંજનમ્

ત્રિલોકપાલ વ્યામાલ કૃષ્ટકાલ ભંજનમ્

ત્રિશૂલધારી ભૂતચારી અર્ધચંદ્ર શેખરમ્

વેદાંત શાસ્ત્ર શોકધર્મ નમાની નાથ શંકરમ્

●●●

'શિવો ભૂત્વાં શિવં યજેત્ ।' શિવ થઈને શિવની ઉપાસના કરવી જોઈએ.

શિવ એટલે કલ્યાણ... શુભ માંગલ્ય...

દેવાધિદેવ ભોળાનાથ મહાદેવ ભગવાન શિવજી વિનાશના દેવ... કલાના દેવ... પ્રેમના દેવ... શિવજી ભગવાન જનથી જોગી પણ છે ને સંસારી પણ છે. અજન્મા અર્ધનારેશ્વર શિવજી જગત્ પિતા બની ઝેર પણ પીએ છે.

જીવનું શિવમાં રૂપાંતર થવું એ જ માનવજીવનની ખરી ઈતિશ્રી... શિવોપાસના સરળ નથી... કષ્ટસાધ્ય છે. વીરોની ઉપાસના છે... પડકારો - આપત્તિઓ શૂરવીરો માટે આશીર્વાદ રૂપ હોય છે...

એકવાર ભલાઈ આદરવાનો આરંભ કરી જુઓ અસંખ્ય વિઘ્નો - અવરોધો અણધાર્યા ઊભાં થઈ જશે. 'સારા કામમા સો વિઘ્નો' એ ન્યાયે...



શિવોપાશકને જગત પણ કનડે અને જગદીશ પણ કસે. મિત્રો, એક જમાનામાં ગામના શેઠજી પણ રૂપિયો ખખડાવીનો ગજવે ઘાલતા... તો પછી જેને પોતાનો કરવો છે એની પ્રભુ પરીક્ષા કેમ ન લે?!

દોસ્તો, સ્મરણ પટ પર અંકિત થયેલી એક વાર અહીં રજૂ કરું છું.

'એક સંન્યાસી રસ્તે જતા હતા. તેનીપાછળ એક નવપરિણિત દંપતિ ચાલી રહ્યું હતું. રસ્તા પર કાદવને લીધે સંન્યાસીનો પગ લપસ્યો અને તે પડી ગયો. કાદવના થોડા છાંટા પાછળ આવતી યુવતી પર ઉડ્યા. આથી આ યુવતીના પતિને ગુસ્સો સાતમા આસમાનો પહોંચ્યો. ક્રોધાવેસમાં તેણે સંન્યાસીને બે ચાર તમાચા ચોડી દીધા.' સંન્યાસી નિર્દોષ હતો. અજાણતા લપસી પડવાથી ઊલટું પગે તોડું ઘણું વાગ્યું પણ હતું. પરંતુ સરળ વૃત્તિના આ સાધુ મહારાજને ઝઘડામાં રસ નહોતો. તે ધીરે ધીરે પોતાને રસ્તે ચાલવા માંડ્યો.

આ ઘટના એ નવદંપતિની પાછળ ચાલતા એક નવયુવાનને પણ નિહાળી. એને નિર્દોષ સંન્યાસી સાથેનો પેલા માણસનો વર્તાવ ગમ્યો નહીં. પરંતુ સન્યાસી પોતે જ કં કરતો નથી. એ જોઈને એ શાંત રહ્યો. થોડે દૂર ગયા પછી આ દંપત્તિએ એક મકાનની દીવાલ બહાર લટકતી એક છોડની ડાળી પર એક સુંદર ફુલ જોયું. પત્નીનું મન લલચાયું. પોતાની પ્રિયતમાને ખુશ કરવા એ માણસ ફૂલ તોડવા દીવાલ પાસે ગયો. અકસ્માતે તે દીવાલ તૂટી ગઈ. અને પેલા માણસના પગનું હાડકું ભાંગ્યું. પાછળ આવતો યુવાન આ દૃશ્ય જોઈને હેતબાઈ ગયો.

દોડતો દોડતો એ યુવાન પેલા સંન્યાસી પાસે પહોંચ્યો અને તેના ચરમોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને કહ્યું, 'તમે ચમત્કારી પુરુષ છો, તમે કહીને નહીં પરંતુ કરીને દેખાડો છો. તમે પેલા માણસ જોડે બિલકુલ ઝઘડ્યા નહીં પરંતુ તમારી ગુપ્તશક્તિથી એને કેવડી મોટી સજા કરી.' આખી વાત તે યુવાન પાસેથી સાંભળ્યા પછી સંન્યાસી એ કહ્યું, 'મેં કશું જ કર્યું નથી. હું તો એક સીધો સાદો માણસ છું. પ્રભુનો પેગામ લઈને વિશ્વમાં ફરતો રહું છું. જે કંઈ બન્યું તે મારી શક્તિથી નહીં પરંતુ પ્રભુની શક્તિથી બન્યું છે. પેલા માણસની એની પ્રિયતમા પર ઉડેલાં છાંટા સહન થયા નહીં તો મારા પ્રિયતમ (પ્રભુ)થી મને પડેલા તમાચા કેમ સહન થાય ?'

'એ માણસે એની શક્તિ મુજબ મને માર્યો તો મારા પ્રભુએ પોતાની શક્તિ મુજબ એ માણસને સજા કરી !'

મિત્રો, શિવોપાસક સ્વયં મોટો જ છે. કારણ કે તેના સંકલ્પો જ શિવ છે. તે કોઈનું બૂરું કરતો તો નથી જ પરંતુ બૂરું વિચારતો પણ નથી. શિવ સંકલ્પો ધરાવનારું મન મોટું છે અને 'જેનું મન મોટું તે માણસ મોટો.' હંમેશા મહામના લોકો જ જગતનું કલ્યાણ કરી શકે.

આજની વરવી વાસ્તવિકતા એ છે કે આજે મનોરોગીઓ વધતા જાય છે. એક સમયે માણસને ખોટું કામ કરવાની શરમ આવતી... ધીરે ધીરે ખોટું કામ કરતાં પકડાઈ જવાની શરમ લાગતી હતી પરંતુ હવે તો ખોટું કરવામાં કશો જ છોછ નથી. ખોટું બોલવું અને ખોટું કરવું એ ગૌરવ ગણાવા લાગ્યું છે. આજે આપણી આંખ સામે દર્દને પંપાળતો ને વિઝીટ પાછળ દોડતો ડૉકટર, કેસ પતાવવામાં નહીં લંબાવ્યા કરતો વકીલ, વર્ગખંડમાં કર્તવ્યચ્યૂત રહી ટ્યૂશનને મહત્ત્વ આપતો શિક્ષક, યેનકેન પ્રકારેણ છેતરી વધુ નફો રળતો વેપારી, ભય, લાલચ, ખોટાં પ્રલોભનોની વાક્ચાતુરી દાખવી સત્તા ટકાવવા નેતા કે ભોળા ભક્તોને ભોળવી ઐય્યાશી ભોગવતા સાધુ-મહાત્માઓ - ધર્માચાર્યો... આ બધા જ અશિવ અમંગળના ઉપાસકો જ છે.

માત્ર પૂજા-અર્ચના કે વ્રતાદિ કર્મકાંડ આદરી શિવરાત્રી મનાવવી અધૂરી ગણાય. સાચા શિવોપાસક બની સર્વ ક્ષેત્રે માંગલ્ય નિર્માણ કરીએ. સાચી શિવરાત્રી મનાવી ત્યારે જ કહેવાય જયારે બધાં જ ક્ષેત્રોમાં માંગલ્ય પ્રગટે... સર્વનું કલ્યાણ વાંચ્છીએ !!!

શ્રી શંકરેત્ર્યંબકં શ્રી શશધરં શુલિનં
શ્રી મુંડમાલ સિવં શ્રી શૈલજા વલ્લભમ્ ।
શ્રી આશુતોષં ભયં શ્રી પાર્વતી નાયકં
શ્રી નીલકંઠ હરમ્ શ્રી ભાલચંદ્ર ભજે ॥

**સ્પર્શમણિ :**

પથ્થરમાં ભગવાન છે એ સમજાવવામાં ધર્મ સફળ રહ્યો
પણ
માણસમાં ભગવાન છે એ સમજાવવામાં ધર્મ નિષ્ફળ રહ્યો છે.

- rasikvaland1965@gmail.com